ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૭ ટકા

# સે-૧૬ ખાતે જિલ્લા રાસ ગરબા સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર જિલ્લાકક્ષા નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા આજરોજ રંગમંચ સેક્ટર-૧૬ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધાની અંદર ૧૪૦ જેટલા કલાકારોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધાના રાસ ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમે સુંદરમ કલ્ચરલ ગ્રુપ ઓફ પરફોર્મિંગ આર્ટ, દ્વિતીય ક્રમે રાગા ગ્રુપ ઓફ પરફોર્મિંગ આર્ટ તથા તૃતીય ક્રમે પ્રારંભ કલાવૃંદ વિજેતા બન્યા હતા. બહેનોની પ્રાચીન ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમે રંગોલી ગ્રૂપ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ તથા દ્વિતીય ક્રમે નાદ સ્વરૂપ કલાવૃંદ વિજેતા થયા છે. આ તમામને જિલ્લા યુવા વિકાસ અધિકારીએ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં પનઘટ કલા વૃંદ દ્વારા દરેક કલાકારને લ્હાણી વિતરણ કરવામાં આવી હતી.

## ઉનાવા ગામના રહીશોએ ખરાબ રોડ બનાવવા બાબતે અરજી કરી



ઉનાવા ગામ ખાતે રહીશો દ્વારા સરકારશ્રીના અગ્રણીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓ અને સરપંચશ્રી તથા તલાટી કમ મંત્રીશ્રીને ગામમાં નવીન બનેલ આરસીસીના રોડની ખરાબ ગુણવત્તા અને કોન્ટ્રાક્ટર દ્વારા ગેરવર્તન બાબતે અરજી કરવામાં આવે છે.

ઉનાવા ગામના ઓ.બી.સી. સમાજના આગેવાનો દ્વારા ગામના સરપંચશ્રી તથા તલાટી કમ મંત્રીશ્રી અને ઉચ્ચ અધિકારીઓને હુડકોથી ઉનાવા બસ સ્ટેન્ડ સુધી આરસીસી રોડ બનાવવામાં આવેલ છે અને જે માત્ર ૧૫ દિવસની અંદર તુટી જવા પામ્યો છે. જેની ગુણવત્તા અતિ ખરાબ વર્તાઈ રહી છે તેમજ કોન્ટ્રક્ટર દ્વારા પણ ગેરવર્તણુક કરવામાં આવી છે. જેને લઈને ગામના રહીશો દ્વારા રાજયના મુખ્યમંત્રી અને અન્ય ઉચ્ચ અધિકારીઓને પણ જાણ કરવામાં આવી છે.

# ડોર ટુ ડોર કલેકશનમાં કામદારોની દાદાગીરી

### કચરા કલેકશનવાળાઓની દાદાગીરીથી વસાહતીઓમાં રોષ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ડોર ટુ ડોર કચરા કલેકશન કરવા માટે વાહનો ગોઠવેલા છે. જે દરેક સેકટર અને સોસાયટીઓમાં જઈને ડોર ટુ ડોર કચરો લેવાની કામગીરી કરે છે. પરંતુ જયારથી નવા નિયમો લાગુ કરાયા છે ત્યારથી કચરો લઈ જવાવાળાઓની દાદાગીરી વસાહતીઓ સાથે વધી રહી છે. મનફાવે તેમ વ્યવહાર કરે છે. તેમની ઈચ્છા મુજબ કામગીરી કરી રહ્યા છે. સોસાયટીઓમાંથી ઘણા બધા મકાનોમાંથી કચરો લઈ જતા નથી અને જો વસાહતીઓ દ્વારા પ્રેમથી કહેવામાં આવે તો પણ તેઓ કચરો લઈ જતા નથી. દૂરવ્યવહાર કરીને વસાહતીઓને ઊંધા જવાબો આપે છે કે તેઓ કચરાપેટીના ડબ્બા સમયસર મૂકતા નથી. વસાહતીઓના જણાવ્યા મુજબ, સવારના સમયે આ વાહન કચરો લેવા જાય છે ત્યારે જે કચરાના ડબ્બા દેખાય તે જ ઉપાડવામાં આવે છે. જયારે ઘણા બધા નાગરિકોના કચરાના ડબ્બા નજર સમક્ષ હોવા છતાં તેઓ લઈ જતા નથી અને આવું ઘણી બધી વખત થઈ રહ્યું છે. છેવટે વસાહતીઓ દ્વારા કચરા લઈ જવાવાળાઓને ટકોર કરવામાં આવે છે. પરંતુ તેઓ દાદાગીરીપૂર્વક અમે કચરો નહીં લઈ જઈએ જે કરવું હોય તે કરી લો. એવા ઊંધા જવાબો આપી રહ્યા છે.

ગાંધીનગર મનપાની ચૂંટણીના પ્રચારો ચાલતા હતા ત્યારે સારા સારા કાર્યો કરવાના વિચારો આપતા ઉમેદવારોને આ બાબતે ફરિયાદો કરવામાં આવી હતી. પણ તે જનતાનો અવાજ સાંભળતા નથી ખાલી જનતાને મુર્ખ બનાવવામાં આવે છે મત લેવા માટે.

ગાંધીનગર મનપા દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ એકટ અંતર્ગત સુકા અને ભીના કચરાને અલગ અલગ સ્વીકારવાનું શરુ કરાયુંછે. જેમાં અંતે વસાહતીઓ દ્વારા નિયમોનું પાલન કરવામાં આવી રહ્યું છે. પરંતુ વસાહતીઓની ઈચ્છા વિરુધ્ધ થઈ રહેલી અવ્યાજબી દાદાગીરી જનતા દ્વારા સ્વીકારાશે નહીં. ગાંધીનગર મનપાના કાર્યકરોને પણ નિયમોનું પાલન કરવું જ જોઈએ. આંખો સમક્ષ કચરાના ડબ્બા હોવા છતાં નજર અંદાજ કરીને બે બે દિવસો સુધી કચરો લઈ જવામાં આવતો નથી. છેવટે આ કચરો વસાહતીઓ દ્વારા જે તે સ્થળે ફેંકવામાં આવે છે જેથી કચરાની ગંદકી જોવા મળી રહી છે. જો વસાહતીઓ માટે કડક પગલાં લેવાના હોય કચરાના ડબ્બા બાબતે તો આવા કર્મચારીઓ માટે પણ કડક નિયમો બનાવવા જ જોઈએ.

## જયોતિ મહિલા મંડળ દ્વારા પિતૃઓની મુકિત માટે મુકિતધામ ખાતે ભજન અને ભોજનપ્રસાદ



ગાંધીનગર, તા.૮

જયોતિ મહિલા મંડળ દ્વારા સે-૩૦ મુકિતધામ ખાતે સર્વ પિતૃ અમાસ નિમિત્તે પિતૃઓના તર્પણ માટે તેમજ મૃતકોની મુકિત માટે રાધા-કૃષ્ણ મંડળના સહયોગથી ભોજન અને ભજનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સૌ બહેનો દ્વારા મુકિતધામ ખાતે ભગવાન કૃષ્ણની આરતી-પૂજા-અર્ચના કરીને બહેનો દ્વારા સતત ત્રણ કલાક ભજનો-ધૂન અને સત્સંગ કરીને મૃતકોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે સ્વર્ગસ્થ નીલમબા અને સ્વ. મોતીબાને શ્રધ્ધાંજલિ આપીને તેમના મોક્ષની પ્રાર્થના કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચ, ઉપપ્રમુખ નીરૂબેન નાયક, મીનાબેન શાહ, મંત્રી હર્ષાબા ધાંધલ, કિન્નરી દવે, તારાબેન પટેલ, પ્રવિણાબેન ગામીત અને પ્રવિણાબેન દરજીનો સહયોગ મળ્યો હતો. મુકિત ધામના તમામ સેવા સૈનિકોને ભોજન જમાડવામાં આવ્યું હતું. મુકિતધામના જીલુભા ધાંધલની વિશેષ ઉપસ્થિતિ પ્રોત્સાહક બની રહી હતી.

## શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજમાં વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા.૮

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ખાતે લોગ આઉટ ધ સાયબર અવરનેસ કમ્પેનિયન વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં સાયબર સિક્યોરીટી રિસર્ચ ઓફ કોમેક્સો ફાઉડેશનના એક્સપર્ટ વિરલ પરમારનું સ્વાગત કોમ્પ્યુટર એન્જીનીયરીંગ ડીપાર્ટમેન્ટના હેડ પ્રો. પૂજા શાહએ કર્યુ હતું. આ વેબિનારમાં એક્સપર્ટ દ્વારા સાયબર બુલેઈ એન્ડ હેરેસમેન્ટ, સોસિયલ મીડિયા એડીકશન, સાયબર ફ્રોડ એન્ડ ઓનલાઈન સ્કેમ, મોડેસ, ઓપ્રંડી ઓફ સાયબર ક્રાઈમ, બેક્કિંગ ફાયનાન્સીયલ ફ્રોડ, સેફ ઈન્ટરનેટ સર્ફિંગ ટીપ્સ, સાયબર લોસ અને રીપોર્ટીંગ સાયબર ક્રાઈમ વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ વેબીનારમાં કુલ ૬૫ વિદ્યાર્થીઓ અને ૧૦ સ્ટાફ મિત્રોએ ભાગ લીધો હતો. આ સફળ પ્રસંગ નિમિત્તે સંસ્થાના ટ્રસ્ટી શ્રી ભરતસિંહ વાઘેલા, ડાયરેક્ટર પ્રો. રવિકુમાર અને ટેકનોલોજીના પ્રિન્સીપાલ પ્રો. કિંજલ અધ્વર્યુએ અભિનંદન પાઠવ્યા હતા.



ગાંધીનગર શહેરની ઝોન ડી તાલુકા કક્ષાની કબડ્ડી, ખો-ખો, વોલીબોલ સ્પર્ધા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળમાં યોજાઈ હતી. તેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની બહેનોએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. શાળાના આચાર્યા રમીલાબેન ચૌધરી તેમજ શાળા પરિવારે સર્વ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ઈન્ડિયન લાયન્સ કલબ દ્વારા મહાઆરતી કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૮

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા પંચદેવ મંદિર, સે-૨૨ ખાતે નવરાત્રી મહોત્સવના પ્રથમ નોરતાંની મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો હતો. મહાઆરતીના આ કાર્યક્રમમાં આર્શીવચનરૂપે પંચદેવ મંદિરના ધર્માચાર્ય ફૂલશંકર શાસ્ત્રી, અતિથિ વિશેષ તરીકે કર્માધ્યક્ષ નીલકંઠ શાસ્ત્રી, મહેમાન તરીકે ધર્માધ્યક્ષ ભાનુભાઈ મહારાજ અને ઈન્ડિયન લાયન્સ કલબના પ્રેસિડન્ટ રાધેશ્યામ યાદવ અને કલબના હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટય કરી મહાઆરતીની શરૂઆત કરી હતી. કલબના વાઈસ પ્રેસિડેન્ટ મંગળસિંહ સોલંકી, સેક્રેટરી મહેન્દ્રસિંહ સોલંકી, જોઈન્ટ સેક્રેટરી ઈન્દ્રવદન આચાર્ય, ટ્રેઝરર સંજીવ યાદવ, જોઈન્ટ ટ્રેઝરર પ્રકાશ દવે, બોર્ડ ઓફ ડાયરેકટર મૌલિક આરસોડીયા, મહેન્દ્ર ચૌહાણ, ગુલાબચંદ પટેલ, મીડિયા કન્વીનર અંકિત યાદવ, માર્ગદર્શક મંડળ પાસ્ટ સેક્રેટરી કુંપલ દવે, કલબના મેમ્બરો ઉપસ્થિત રહ્યા હતા અને રાસ ગરબા રમ્યા હતા.

## સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ગરબા સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૮

નવરાત્રિના પ્રથમ દિવસે સંસ્કૃતિ મહિલા પરીવારે ગરબા સ્પર્ધાનું આયોજન કર્યુ હતું. જેમાં નિર્ણાયક તરીકે રક્ષિતાબેન ઉપાધ્યાયે ભૂમિકા બજાવી હતી. જેમાં પ્રમુખ પ્રતિભાબેન દવે તેમજ શૈલાબેન ત્રિવેદી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને અલ્પાબેન જોષી, બીજા ક્રમે દેવયાની શુકલ, ત્રીજા ક્રમે ભારતીબેન પોપટ, ચોથા ક્રમે ધીમહિ દવે અને પાંચમા ક્રમે ગઢવી દૃષ્ટિ વિજેતા રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંતર કુંવરબા બિહોલાએ કર્યુ હતું.

### રાજપૂત સમાજ દ્વારા રકતદાન શિબિર યોજાશે

રાજપૂત સમાજ દ્વારા હેપ્પી યુથ કલબ અને અમિતાભ બચ્ચન ફ્રેન્ડસ કલબના સહયોગથી તારીખ ૧૦ને રવિવારે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. ગાંધીનગર સીવીલ હોસ્પિટલ બ્લડ બેંક આ શિબિરમાં સેવા પુરી પાડશે. થેલેસેમિયા ગ્રસ્ત બાળકોને આ એકત્રીત કરેલ રકત દ્વારા મદદ કરવાનો હેતુ આ સમાજનો રહેલો છે. થેલેસેમિયા ગ્રસ્ત બાળકોને મદદરૂપ થવા રકતદાન શિબિરમાં રાજપૂત સમાજના તેમજ સેવા કરવા ઈચ્છતા તમામ નાગરિકો, યુવાનો, યુવતીઓને આ શિબિરમાં ભાગ લઈ રકતદાન કરવા સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ અને મહામંત્રી પ્રદીપસિંહ બિહોલાએ નમ્ર અપીલ કરેલ છે.

## સિવિલ કેમ્પસ ઓડીટોરીયમના પાર્કિંગમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓડીટોરીયમ હોલની બાજુમાં પાર્કિંગમાંથી બાઈકની ચોરી થવા પામી છે. યુવક બાઈક લઈને કોંગ્રેસની બેઠકમાં આવ્યો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે યુવકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંધેજા વણકર વાસ ખાતે રહેતા ૪૮ વર્ષિય જીતેન્દ્ર કરશનભાઈ પરમાર પોતાના પરિવાર સાથે રહે છે. જયારે જીતેન્દ્રભાઈ સેકટર-૨૫ જીઆઈડીસીમાં આવેલ સર્કિટવાલા પ્રાઈવેટ લિમિટેડ ખાતે ઓપરેટર તરીકે ફરજ બજાવે છે. જીતેન્દ્રભાઈ બાઈક નં.જી.જે.૧૮.સી.એ.-૩૦૭૧ લઈને નોકરી આવન-જાવન કરે છે. સિવિલના ઓડીટોરીયમ હોલ ખાતે ગત તા.૩૦ સપ્ટેમ્બરના રોજ કોંગ્રેસ પક્ષની બેઠક હોવાથી જીતેન્દ્ર પરમાર નોકરી થી છુટીને સાંજે ૬ વાગે સિવિલ કેમ્પસ ખાતે આવ્યા હતા. જયાં કોંગ્રેસ પક્ષની બેઠક પુરી થયા બાદ સાંજે ૮ વાગે ઘરે જવા માટે તેઓએ બાઈક પાર્ક કર્યુ હતું. ત્યાં જઈને જોયુ તો બાઈક ન હતું. તેઓએ આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ આદરી હતી. બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે બાઈક ચોરને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## વંદે માતરમ પરિવાર દ્વારા આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૮

વંદેમાતરમ પરિવાર દ્વારા આજે આનંદનો ગરબો યોજાશે. જે મંજુબેન પટેલના નિવાસસ્થાને સાંજે ૪.૦૦ થી ૫.૩૦ વાગ્યા સુધી યોજાશે. વાવોલના સહજાનંદ ફલેટ નંબર ૫૦૪-એમાં આ કાર્યક્રમ યોજાશે.

# આજે ત્રીજા નોરતે માં ચંદ્રઘંટાના પૂજન અર્ચન કરાશે

### આજે દુર્ગાસપ્તશતીના પાંચમા અધ્યાયના પઠનનો મહિમા : ગરબાને માથે મુકીને ગાવાની પરંપરા શહેરોમાં જોવા મળી : અનુષ્ઠાન અને આરાધનામાં સાધકો એકાગ્ર બન્યા

ગાંધીનગર, તા.૮

આદ્યશકિત માં ભગવતીનું શકિત અને ભકિતના પર્વ નવરાત્રીની રંગેચંગે ઉજવણી થઈ રહી છે. જેમા આજે માં દુર્ગાના તૃતીયા સ્વરૂપ ચંદ્રઘંટાના પૂજન અર્ચન કરવામાં આવશે. નવરાત્રીમાં જગદંબાના વિવિધ સ્વરૂપો પૈકીના આ સ્વરૂપના પુજનનો વિશેષ લાભ સાધકને પ્રાપ્ત થાય છે જેમાં તમામ કષ્ટ દૂર થઈ સાધક ભયમુકત બને છે. અસુર સંહારિણી દેવીના આ પર્વમાં ગરબાને માથે મુકીને શ્રધ્ધાથી ગાવાની પરંપરા શહેરોમાં દશ્યમાન થઈ રહી છે જે માતાજી પ્રત્યેની અપાર ભકિત અને સાક્ષાત્કારના અહેસાસનું ફળ સ્વરૂપ છે.



મા ચંદ્રઘંટાના સ્વરૂપના પૂજન અર્ચનથી શાંતિ સ્થપાય છે અને અપાર સુખ પ્રાપ્ત થાય છે તેમજ તમામ કષ્ટ દૂર થઈ ભય રહેતો નથી અને વાણીમાં મીઠાશ સાથે માધુર્ય આવે છે. આ દેવીને દુધ અને ખીરનો પ્રસાદ ધરાવાય છે.

માં ચંદ્રઘંટાના દસ હાથ છે અને અનેક પ્રકારના અસ્ત્ર શસ્ત્ર જેમ કે ખડગ, બાણ, ત્રિશુલ, કમળ હાથમાં છે અને માતાજી અભય મુદ્રામાં છે. માથા પર ઘંટ આકારનો અર્ધચંદ્ર સુશોભિત થાય છે જેથી તેમને ચંદ્રઘંટા તરીકે પૂજવામાં આવે છે. માતાજી તેમના પ્રિય વાહન વાઘ ઉપર સવાર છે. આજે દુર્ગા સપ્તશતીના પાંચમા અધ્યાયના પઠનનો મહિમા વર્ણવાયો છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. દંતાણી રીયા પ્રકાશભાઈ, ઉ.વ. ૩, સે-૨૮, છાપરાં
- સ્વ. ભાવસાર નીરૂબેન બિપીનચંદ્ર, ઉ.વ. ૬૧, પેથાપુર
- સ્વ. ઠાકોર શાન્તાબેન ડાહ્યાજી, ઉ.વ. ૮૦, પુન્દ્રાસણ
- સ્વ. વાઘેલા વૈશ્વની યોગેશકુમાર, ઉ.વ. ૧૨, સેકટર-૪
- સ્વ. સોલંકી કનુભાઈ સોમાભાઈ, ઉ.વ. ૫૮, સેકટર-૨૯
- સ્વ. સુથાર સવિતાબેન રમણભાઈ, ઉ.વ. ૭૬, રાંધેજા


## જન્મદિને વધામણી



અમી હરેશ ત્રિવેદી
મો. ૯૯૭૯૭ ૭૫૬૭૦




પ્રિયંકા આર ચુડાસમા
મો. ૯૮૨૫૯ ૫૫૦૦૯



માયાબેન જીતેન્દ્ર ચુડાસમા



ભૂમિકા ગોપાલ રાવલ



વેદાંશ ઉર્મિત જાની



પ્રજાપતિ વિશ્વ
મો. ૭૦૪૬૭૪૬૭૪૬



કૃણાલ દરજી
મો. ૮૫૧૧૩ ૮૧૧૦૯



ભાગ્યશ્રી પટેલ



રાજવીરસિંહ સોલંકી